# ૩૩ મા લેબોરેટરી/એક્સ-રે ટેક્નીશીયન ના પ્રવેશ અંગેની સુચનાઓ

અરજદારની ઉંમર જાહેરાત અન્વયે અરજી મોકલવાની છેલ્લી તારીખ ૦૫/૧૨/૨૦૨૦ રોજ ઉંમર ૧૮ થી ૨૫ વર્ષની અંદર હોવી જોઇએ. અનામત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો અનામત રાખવામાં આવશે તથા વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

લેબોરેટરી ટેક્નીશીયનના કોર્ષ માટે તેમજ એક્સ-રે ટેક્નીશીયન કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે સરકારશ્રીના વખતોવખતના ઠરાવમાં થયેલ સુધારાવધારા દરેક ઉમેદવારોને બંધન કર્તા રહેશે. લેબોરેટરી ટેક્નીશીયન કોર્ષના પ્રવેશ માટેનો કાર્યક્રમ તા.૧૭/૧૨/૨૦૨૦ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે બી.જે.મેડીકલ કોલેજના કસોટી ભવન ખાતે તેમજ એક્સ-રે ટેકનીશીયન કોર્ષના પ્રવેશ માટેનો કાર્યક્રમ તા.૧૮/૧૨/૨૦૨૦ બી.જે.મેડીકલ કોલેજના ફીઝીયોલોજી લેક્ચર હોલ ખાતે રાખેલ છે તો રૂબરૂ પ્રવેશ માટે ઉમેદવારોએ તમામ અસલ પ્રમાણપત્રો સાથે સ્વ ખર્ચે રૂબરૂ ઉપસ્થિત થવાનું રહેશે.

પ્રવેશ કાર્યક્રમના દિવસે બધા જ અસલ પ્રમાણપત્રો લઇને આવવાનું રહેશે તેમજ અસલ પ્રમાણપત્ર નહી લાવનારની ઉમેદવારી રદ ગણાશે અને પ્રવેશ મળશે નહી.

જે ઉમેદવારોને પ્રવેશ મળશે તેઓએ તા.૨૧/૧૨/૨૦૨૦ના રોજ તાલીમમાં હાજર થવાનું રહેશે. જો ઉમેદવાર નિયત સમયમર્યાદામાં હાજર નહી થાય તો તેઓની જગ્યા પર તેમના પછી મેરીટમાં આવતા લાયક ઉમેદવારોને પ્રવેશ ફાળવવામાં આવશે. સરકારશ્રી દ્વારા બેઠકોમાં વધારો/ઘટાડો થશે તે મુજબ જગ્યાઓ ભરવામાં આવશે જે દરેક ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

લેબોરેટરી ટેકનીશીયનના મુકવામાં આવેલ મેરીટ મુજબના ઉમેદવારોએ જ તા.૧૭/૧૨/૨૦૨૦ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે રૂબરૂમાં હાજર રહેવાનું રહેશે.

એક્સ-રે ટેકનીશીયનના મુકવામાં આવેલ મેરીટ મુજબના ઉમેદવારોએ જ તા.૧૮/૧૨/૨૦૨૦ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે રૂબરૂમાં હાજર રહેવાનું રહેશે.

લેબોરેટરી ટેકનીશીયન માટે માઇક્રોબાયોલોજી/બાયોકેમેસ્ટ્રી/કેમેસ્ટ્રી/ બાયોટેકનોલોજી ના મેરીટ નં. ૧ થી ૩૫૦ સુધીના કોમન મેરીટ તથા એસ.ટી/એસ.સી/એસ.સી.બી.સી કેટેગરીના મેરીટ નં. ૧ થી ૫૦ તમામ ઉમેદવારોએ હાજર રહેવાનું રહેશે તેમજ એક્સ-રે ટેક્નીશીયન મેરીટ નં.૧ થી ૨૦૩ સુધીના (ફીઝીક્સ વિષયના ઉમેદવારોને પ્રથમ પસંદગીને પાત્રતા રહેશે) ઉમેદવારોએ હાજર રહેવું. જો ઉમેદવાર હાજર નહી રહે તો તેમના પછીના ક્રમે આવતાં જે તે કેટેગરી મુજબના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. પાછળથી કોઇ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. દરેક ઉમેદવારને પ્રવેશ મળશે તેની કોઇ ખાત્રી આપવામાં આવતી નથી.

મેરીટ મુજબ બેઠકો ભરાયેથી પ્રવેશ કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવશે.

આખરી નિર્ણય ચેરમેનશ્રી/ડીનશ્રીનો અબાધીત રહેશે.

ડીન
બી.જે.મેડીકલ કોલેજ
અમદાવાદ

Scanned with CamScanner